**ફો.કે.નં. ૩૯૬૮/૨૦૧૮**

**–: આંક ૧ લગત હુકમ :–**

(૧) હાલની ફરિયાદ આ કામના ફરિયાદી નયન હરીશભાઈ કનખરાનાઓ દ્ધારા ખાનગી સ્વરૂપની ફરિયાદ તરીકે સી.આર.પી.સી કલમ ૨૦૦ હેઠળ અત્રેની અદાલત સમક્ષ આ કામના આરોપી સામે રજૂ કરવામાં આવેલ છે. ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી જામનગર મુકામે રહે છે અને વકીલાતનો વ્યવસાય કરે છે. ફરિયાદીના પિતા જામનગર ખાતે ખંભાળીયા નાકા બહાર દીગવીજય પ્લોટમાં નયન કોલ્ડ્રીન્ગસના નામથી કોલ્ડ્રીન્ગસનો ધંધો કરતાં આવેલા છે તેમની સાથે ફરિયાદીના નાના ભાઈ હાર્દિક કનખરા પણ દુકાનનું સંચાલન કરે છે. તારીખ ૦૫/૦૫/૨૦૧૫ ના રોજ મોડી રાત્રે ૧૨–૧૫ થી ૧૨–૩૦ ના સમયમાં તેઓની દુકાન ખુલ્લી હતી અને ઉનાળાની ગરમીને કારણે માણસોની અવર–જવર ચાલુ હતી ત્યારે ફરિયાદીના નાના ભાઈ દુકાન બંધ કરતાં હતા. દુકાનનું અડધુ સટ્ટર પાડેલું હતું, દુકાનમાં સાફસફાઈ કરતાં હતા ત્યારે આ કામના આરોપી સરકારી પોલીસ જીપમાં આવેલા અને દુકાનના સટ્ટર ઉપર ધોકો મારીને હાર્દિકભાઈને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલા. આ સમયે ફરિયાદી પણ ત્યાં હાજર હતા અને પોતે વકીલ હોવાની ઓળખ આપેલી. દુકાનમાં સાફસફાઈ ચાલુ છે અને દુકાન પાંચ મીનીટમાં બંધ કરે છે તેવી હકીકત ફરિયાદીએ જણાવતા આરોપીએ ગાળો બોલીને ફરિયાદી સાથે દુરવ્યવહાર કરેલો અને જોરજોરથી લાકડીઓ પછાડવા લાગેલા, સી.સી.ટી.વી કેમેરા ચાલુ છે તેવી હકીકત ફરિયાદીએ જણાવતા આરોપી ફરિયાદીને સાઈડ ઉપર લઈ ગયેલા અને ત્યાં ફરિયાદીનો કાથલો પકડીને જીપમાં બેસાડવાની કોસીસ કરવા લાગેલા ત્યારે ફરિયાદીના ભાઈ હાર્દિકને પણ બોલાવી કાથલો પકડીને જીપમાં નાખેલા અને પોલીસ સ્ટેશને લઈ ગયેલા. ફરિયાદી

પોતે મો.સા લઈને પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાં ફરિયાદીના સમાજના આગેવાનો તથા અન્ય વ્યક્તિઓ તેમજ વકીલશ્રીઓ આવી ગયેલા. ફરિયાદીના ભાઈને આરોપી દ્વારા માર મારવામાં આવેલો. ૧૨ જેટલા પટ્ટા તથા લાકડીઓથી ફરિયાદીના ભાઈને માર મારવામાં આવેલ હતો અને ગાળો બોલવામાં આવેલી હતી. ત્યારબાદ ફરિયાદી તથા તેમના ભાઈને પોલીસ લોકઅપમાં રાખવામાં આવેલા, બીજા પોલીસો આવતા ફરિયાદી અને તેઓના ભાઈ બચી ગયેલા. આરોપી દ્વારા ફરિયાદી અને તેઓના ભાઈ ઉપર આરોપીની ફરજ ઉપર રૂકાવટ કરવા બદલ કલમ ૧૮૬ મુજબનો કેસ કરેલો અને સદર ગુનામાં સંડોવી દેવાની ધમકી આપેલી. આરોપી દ્વારા ફરિયાદીના જામીન સ્વિકારવામાં આવેલા નહીં અને બીજે દિવસે તેઓને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલા.

(૨) આ અંગેની ખાનગી ફરિયાદ ફરિયાદી દ્વારા રજૂ કરવામાં આવતા મારા પુરોગામીશ્રી દ્વારા ફરિયાદીનું વેરીફીકેશન લઈ સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવેલા હતા. ત્યારબાદ મારા પુરોગામીશ્રી દ્વારા આંક–૧ અન્વયે વધુ એક હુકમ કરી આ કામના આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩,૩૨૪,૩૪૧,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુના સબબ પ્રોસેસ ઈશ્યુ કરવા માટે તા. ૧૮/૦૫/૨૦૧૮ ના રોજ આદેશ કરવામાં આવેલ હતો.

(૩) આરોપી ઉપર સદર ગુના અનુસંધાને પ્રોસેસ ઈશ્યુ કરતાં આરોપી પોતાના વિ.વ.શ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલા હતા.

(૪) ત્યારબાદ કરવામાં આવેલી ઉત્તરોત્તરની કાયદેસરની કાર્યવાહીને અંતે હાલનો કેસ ચાર્જફ્રેમ કરવા માટેના ફરિયાદીના પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ હતો. પોતાનો પુરાવો રજૂ કરવા માટે ફરિયાદીને અનેક મુદ્દતો આપવામાં આવેલી છે તેમ છતાં ફરિયાદી તરફે ચાર્જનો

પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. હાલની ફરિયાદ સી.આર.પી.સીની કલમ ૨૦૦ હેઠળની ખાનગી સ્વરૂપની ફરિયાદ હોય કાયદાની જોગવાઈ મુજબ અલગ પ્રકારની પ્રક્રિયા આ ફરિયાદ અનુસંધાને અદાલતે અનુસરવાની રહે છે. કાયદાની કલમ ૨૦૦ હેઠળ દાખલ થતી હાલની ફરિયાદ અનુસંધાને એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, ફરિયાદ કરતી વખતે ફરિયાદીનું વેરીફીકેશન કરવાનું હોય છે અને જો ફરિયાદી પોતાના કોઈ સાહેદ રજૂ કરતાં હોય તો તેવા સાહેદોનું નિવેદન લેવાનું રહે છે. ત્યારબાદ તેવા પુરાવાના અંતે અદાલતે એ હકીકતનો નિર્ણય કરવાનો રહે છે કે, કરવામાં આવેલી ફરિયાદ અનુસંધાને રેકર્ડ ઉપર આવેલા પુરાવા ઉપરથી આરોપી સામે કોઈ પ્રોસેસ ઈશ્યુ કરવા જેવો પ્રથમદર્શનીય કેસ જણાય છે કે કેમ ? જો અદાલત એવા નિર્ણય ઉપર પહોચે કે કરવામાં આવેલી ફરિયાદ ખોટી છે અથવા તો પ્રોસેસ ઈશ્યુ થઈ શકે તેવો પ્રથમદર્શનીય પુરાવો અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી તો અદાલત સદર પ્રોસેસ ઈશ્યુ કરવાને બદલે સી.આર.પી.સી કલમ ૨૦૩ હેઠળ ફરિયાદ રદ કરી શકે છે. જો પ્રોસેસ ઈશ્યુ કરવાપાત્ર જણાય તો સી.આર.પી.સી કલમ ૨૦૪ હેઠળ અદાલતે પ્રોસેસ ઈશ્યુ કરવાના રહે છે. હાલના કિસ્સામાં મારા પુરોગામીશ્રી દ્વારા સદરહુ કેસ અનુસંધાને અનુસરેલી કાર્યવાહી ધ્યાને લેતા રેકર્ડ પરના પુરાવાના આધારે આરોપી ઉપર પ્રોસેસ ઈશ્યુ કરવાનો આદેશ કરવામાં આવેલ છે. કાયદામાં કરવામાં આવેલી સ્પષ્ટ જોગવાઈ મુજબ જ્યારે આરોપી ઉપર ખાનગી સ્વરૂપની ફરિયાદ અનુસંધાને પ્રોસેસ ઈસ્યુ કરવાનો આદેશ કરવામાં આવે ત્યારે આરોપીના હાજર થયા બાદ અદાલતે સી.આર.પી.સીની કલમ ૨૪૪ હેઠળ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવાની કાર્યવાહી કરવાની રહે છે. આ તબક્કે જો ફરિયાદપક્ષ કોઈ સાક્ષી તપાસવા માંગતા હોય તો તેવા સાક્ષીને સમન્સ કરવા માટે અદાલત સમક્ષ અરજી કરી શકે અને તે અનુસંધાને અદાલત યોગ્ય તે હુકમ કરીને તેવા સાહેદનો પુરાવો નોંધવાની કાર્યવાહી કરવાની રહે છે. આ તબક્કો ચાર્જફ્રેમ કર્યા

પહેલાનો છે. જેથી સી.આર.પી.સી કલમ ૨૪૪ હેઠળ જે પુરાવો આવે તે પુરાવાને ધ્યાને લઈને અદાલતે સી.આર.પી.સી કલમ ૨૪૫ હેઠળ આગળની કાર્યવાહી કરવાની રહે છે. સદરહુ કલમમાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, જો કલમ ૨૪૪ હેઠળ નોંધવામાં આવેલા પુરાવાને અંતે અદાલત એવા નિર્ણય ઉપર પહોચે કે, આરોપીની સામે કાર્યવાહી કરી શકાય તેવો સબળ પુરાવો અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી તો અદાલતે આરોપીને ડિસ્ચાર્જ કરવાના રહે છે. કલમ ૨૪૫ (૨) માં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, સી.આર.પી.સી ૨૪૪ હેઠળ પુરાવો નોંધતા પહેલાં પણ અદાલત યોગ્ય જણાય તો આરોપીને ડિસ્ચાર્જ કરી શકે છે. આમ, કાયદાની જોગવાઈ મુજબ આરોપી સામે ચાર્જફ્રેમ કરીને ખાનગી સ્વરૂપની ફરિયાદ અનુસંધાને આગળની કાર્યવાહી કરતાં પહેલાં સી.આર.પી.સી કલમ ૨૪૪ હેઠળ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવો જરૂરી છે, સિવાય કે આરોપીપક્ષ તરફથી ચાર્જ ઈન્વાઈટ કરવામાં આવેલો હોય અને તેઓને ફરિયાદી તથા સાક્ષીઓની ઊલટતપાસનો મળતો હક્ક જતો કરેલો હોય. હાલના કિસ્સામાં આરોપી તરફથી ચાર્જ સ્વિકારવામાં આવેલો નથી તેવા સંજોગોમાં ફરિયાદપક્ષની કાનૂની ફરજ બને છે કે, આ કામના આરોપી સામે કોઈપણ ગુના સબબ ચાર્જફ્રેમ કરવો કે કેમ ? તે અંગેનો પુરાવો તેઓ રજૂ કરે. આ તબક્કે આરોપીને ફરિયાદી તથા અન્ય સાહેદોની ઊલટતપાસ કરવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થાય છે. અગાઉ ખાનગી સ્વરૂપની ફરિયાદ દાખલ કરતી વખતે ફરિયાદી તથા સાહેદોના નિવેદન અદાલત નોંધે છે ત્યારે આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવા પહેલાનો તબક્કો હોય તે સમયે ફરિયાદી તથા સાહેદો દ્વારા અદાલત રૂબરૂ જણાવેલી હકીકત અનુસંધાને આરોપીને ઊલટતપાસની તક મળેલી હોતી નથી, પરંતુ સી.આર.પી.સી કલમ ૨૪૪ હેઠળ જે કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવે છે તે પુરાવો આરોપી સામે સી.આર.પી.સી કલમ ૨૦૪ હેઠળ પ્રોસેસ ઈશ્યુ કરી દીધા બાદનું સ્ટેજ હોય તેવી

કાર્યવાહીમાં ભાગ લઈ પોતાનો કાયદેસરનો બચાવ કરવાનો આરોપીને અધિકાર પ્રાપ્ત થાય છે. કાયદાની જોગવાઈ મુજબ જ્યારે આરોપીને આ પ્રકારે કાયદેસરનો બચાવ કરવાની તકક પ્રાપ્ત થયેલી હોય ત્યારે તેવી તક પુરી પાડ્યા વગર આરોપી સામે ચાર્જફ્રેમ થઈ શકે નહીં. જો ફરિયાદપક્ષનું એવું કહેવું હોય કે અગાઉ જે કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ છે તે પુરાવા ઉપર જ તેઓ આધાર રાખે છે અને નવો પુરાવો રજૂ કરવો નથી તો તેવા કિસ્સામાં પણ અગાઉ ફરિયાદી તથા સાહેદોએ અદાલત સમક્ષ જે નિવેદન આપેલા હોય તે અનુસંધાને આરોપીને ઊલટતપાસ કરવાની તક ચાર્જફ્રેમ કરતાં પહેલાં પ્રાપ્ત થાય છે. આ કિસ્સામાં ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાની ઊલટતપાસની તક્ક આરોપીને મળી ગયા બાદ બંન્ન પક્ષકારોને ચાર્જફ્રેમ કરવા માટેની સુનાવણીની તક પ્રાપ્ત થાય છે અને એવી સુનાવણીને અંતે અદાલતે આરોપી સામે ચાર્જફ્રેમ કરવો કે કેમ ? તે બાબતનો પ્રાથમીક નિર્ણય લઈ તે અંગેનો હુકમ કરવાનો રહે છે. આ હુકમ સામે નારાજ પક્ષકાર યોગ્ય તે અપીલ રીવીઝનની કાર્યવાહી પણ કરી શકે છે. ટુંકમાં કહીએ તો જ્યારે ખાનગી સ્વરૂપની ફરિયાદ અનુસંધાને આરોપી ઉપર પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવે અને આરોપી તે અદાલત સમક્ષ હાજર થાય ત્યારે ફરિયાદપક્ષ તરફથી પ્રી–ચાર્જનો પુરાવો રજૂ કરવાનો રહે છે. જેમાં આરોપીને ઊલટતપાસનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ પ્રી–ચાર્જના પુરાવા વગર આરોપી સામે ચાર્જફ્રેમ થઈ શકે નહીં સિવાય કે, આરોપીએ પોતાનો મળતો અધિકાર જતો કરીને ચાર્જનો સ્વિકાર કરેલો હોય અને ચાર્જફ્રેમ બાદ જ પોતે પોતાના અધિકારને એક સાથે ભોગવશે તેવું જણાવેલું હોય.

(૫) હાલના કિસ્સામાં રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લઈએ તો સદર કામે હાલની ફરિયાદને સી.આર.પી.સી કલમ ૧૯૭ ની જોગવાઈનો બાધ નડે છે તે અંગેની કાર્યવાહી આરોપી તરફે કરવામાં આવેલી, પરંતુ તેઓની આ અરજી રદ થયા બાદ પ્રી–ચાર્જના પુરાવા માટે આ

ફરિયાદ લાંબા સમયથી મુલતવી રાખવામાં આવેલી છે. ફરિયાદીને પુરતી તક આપવા છતાં સી.આર.પી.સી કલમ ૨૪૪ હેઠળ તેઓએ કોઈ પ્રી–ચાર્જનો પુરાવો રજૂ કરેલ નથી. તેવા સંજોગોમાં આ કામના આરોપીને ફરિયાદી તથા સાહેદોની ઊલટતપાસની તક મળેલી નથી. ફરિયાદીનું એવું પણ કહેવું નથી કે, અગાઉ તેઓ દ્વારા જે કોઈ પુરાવો આપવામાં આવેલો છે અને જે કોઈ સાહેદો તપાસવામાં આવેલા છે તે જ પુરાવા ઉપર તેઓ આધાર રાખે છે અને પોતે તથા સાહેદો ઊલટતપાસ માટે હાજર રહેવા તૈયાર છે. તેવા સંજોગોમાં આ કામના ફરિયાદી દ્વારા પ્રી–ચાર્જનો પુરાવો આપવામાં આવેલ ન હોય આ કામના આરોપી સામે ચાર્જફ્રેમ કરી શકાય નહીં.

(૬) સદર કામે ફરિયાદપક્ષના પ્રી–ચાર્જના પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ હતું ત્યારે ફરિયાદી તથા સાહેદો અદાલત સમક્ષ હાજર થયેલા અને પોતે આ કામે કોઈ પુરાવો આપવા માંગતા નથી તેવું જણાવી તેઓ વચ્ચે સમાધાન થઈ ગયેલાની હકીકત જાહેર કરતી સમાધાન પુરસીસ આંક–૬૪ થી રજૂ કરેલ છે. સદરહુ ફરિયાદી તથા સાહેદની રજૂઆત મુજબ બંન્ને પક્ષકારો વચ્ચે અંદરો–અંદર અદાલત બહાર સમાધાન થઈ ગયેલ છે જેથી સમાધાનથી તેઓ આ ખાનગી સ્વરૂપની ફરિયાદ બંધ કરવા માંગે છે, ઉપરાંત તેઓ એવી પણ રજૂઆત કરે છે કે, કરવામાં આવેલી ફરિયાદ અનુસંધાને જે કોઈ કલમ હેઠળ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે તે કલમ સમાધાનપાત્ર ગુના અંગેની છે.

(૭) આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩,૩૨૪,૩૪૧, ૫૦૪,૫૦૬(૨) મુજબના ગુના અનુસંધાને પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો હોય, ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ ૩૨૦ ધ્યાને લેતા સદરહુ કલમ પૈકી કલમ ૩૨૩, ૩૪૧, ૫૦૪, ૫૦૬ મુજબના ગુના સમાધાનને પાત્ર છે. જ્યારે ફરિયાદી અને આરોપી વચ્ચે અદાલત બહાર ખાનગી રાહે સમાધાન થઈ ગયેલુ હોય ત્યારે

અદાલતે તે અંગેના ગુણદોષમાં ઉંડા ઉતરવાનું રહેતું નથી. જ્યારે ગુનો સમાધાનપાત્ર હોય ત્યારે અદાલતની મનસુફીને કોઈ અવકાસ નથી. તેવા સંજોગોમાં જ્યરે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલું હોય ત્યારે ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩,૩૪૧,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુના સબબ ઈશ્યુ કરવામાં આવેલા પ્રોસેસ અનુસંધાને અદાલતે આગળ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૪ બીન–સામાધાનપાત્ર ગુના અંગેની છે, જે અનુસંધાને પક્ષકારો વચ્ચે અદાલત બહાર સમાધાન થઈ ગયેલું હોય તો પણ માત્ર તેવા સમાધાન થઈ જવાના કારણે તે અંગેની કેસની આગળની કાર્યવાહી અદાલત બંધ કરી શકે નહીં. હાલના કિસ્સામાં જ્યારે ફરિયાદી દ્ધારા પ્રી–ચાર્જનો પુરાવો આપવો ન હોવાની પુરસીસ રજૂ કરેલી હોય ત્યારે આરોપી સામે ઈશ્યુ કરવામાં આવેલા પ્રોસેસ અનુસંધાને અદાલત કોઈ ચાર્જફ્રેમ કરી શકે તેમ નથી. કાયદાની જોગવાઈ મુજબ ખાનગી સ્વરૂપની ફરિયાદ અનુસંધાને આગળની કાર્યવાહી કરવા માટે આરોપી સામે ચાર્જફ્રેમ કરવો જરૂરી છે, ત્યારબાદ જ પુરાવો નોંધી આરોપી કસુરવાર છે કે કેમ તે બાબતનો નિર્ણય થઈ શકે. હાલના કિસ્સામાં જ્યારે ફરિયાદી દ્ધારા ચાર્જફ્રેમ કરવા માટે પુરાવો આપેલો ન હોય અને પુરાવો આપવા પણ માંગતા ન હોય ત્યારે અદાલતે સી.આર.પી.સીની કલમ ૪૪૫ ની જોગવાઈ ધ્યાને લઈને આરોપીને ડિસ્ચાર્જ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. જ્યારે ફરિયાદી આરોપી સામેનો પ્રી–ચાર્જનો પુરાવો આપવા માંગતા ન હોય ત્યારે આ કેસને આજ સ્થિતિમાં વર્ષો સુધી મુકી રાખવાનો કોઈ ન્યાયીક હેતુ બર આવે તેમ નથી. પરીણામ સ્વરૂપ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– હુકમ –**

૧) આ કામે પક્ષકારો દ્ધારા કરવામાં આવેલી રજૂઆતો અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ ફરિયાદી તરફથી પ્રી–ચાર્જનો પુરાવો નહીં

આપવાની કસુરને કારણે આ કામના આરોપીને ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩,૩૨૪,૩૪૧,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુના સબબ ફોજદારી કાર્યરીતી અધિનિયમની જોગવાઈ ૪૪૫ હેઠળ બીન–તહોમત છોડી મુકવાનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

૨) જો આરોપીએ આ કામે કોઈ બેલ–બોન્ડ રજૂ કરેલા હોય તો તેનો અમલ અપીલ પીરીયડ સુધી ચાલુ રાખવાનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૮મી, માહે–મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

જામનગર,
તા. ૦૮/૦૫/૨૦૨૬ .

**( એમ.કે.ખેર )**
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ અને
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જામનગર.
કોડ નં. જી.જે–૦૦૮૫૯

બી.કે.સબાડ, સ્ટેનો.